# આવકવેરા નિરીક્ષક

આવકવેરા નિરીક્ષક એ આવકવેરા વિભાગના Financial Examiner અધિકારી છે જે સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ (CBDT)ની કરવેરા સંબંધિત કામગીરી સંભાળે છે. તેઓ ભારતીય કરવેરા વ્યવસ્થાની કરોડરજ્જુ સમાન છે.

## વ્યક્તિગત નિપુણતા

- તમે નવી જવાબદારીઓ લેવા માટે ઉત્સાહિત છો
- તમને કોયડાઓ ઉકેલવા  ગમે છે
- તમને ટીમમાં કામ કરવું પસંદ છે
- તમે સ્પષ્ટ સૂચનાઓને અનુસરવાનું પસંદ કરો છો



આ અભ્યાસક્રમની ફી આશરે **રૂ. - થી -*** જેટલી હોય છે.

*આ અંદાજિત રકમ છે અને વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ મુજબ તેમાં ફેરફાર હોય શકે છે.

## શિષ્યવૃત્તિ

- **રાષ્ટ્રીય શિષ્યવૃત્તિ પોર્ટલ** - **www.scholarships.gov.in** ની મુલાકાત લો. આ પોર્ટલ હેઠળ કેન્દ્ર સરકારના વિવિધ વિભાગો, UGC/AICTE યોજનાઓ તેમજ રાજ્ય દ્વારા અમલમાં મુકવામાં આવેલી યોજનાઓ દ્વારા આપવામાં આવતી સહાય અંગેની માહિતી ઉપલબ્ધ છે.*
- ઉપલબ્ધ શિષ્યવૃત્તિની વિગતો માટે **digitalgujarat.gov.in** ની મુલાકાત લો. ધોરણ XI થી શરૂ થતી શિષ્યવૃત્તિ માટે આ એક પ્રવેશદ્વાર છે.*
- યોગ્યતાના આધારે સંસ્થાઓમાં પણ શિષ્યવૃત્તિ ઉપલબ્ધ છે.*

*(આ શિષ્યવૃત્તિની ઉપલબ્ધતા સમયાંતરે બદલાઈ શકે છે.)

## લોન

- વિદ્યાલક્ષ્મી, **www.vidyalakshmi.co.in**, શૈક્ષણિક લોન મેળવવા માંગતા વિદ્યાર્થીઓ માટેનું એક પોર્ટલ છે. આ પોર્ટલ નાણાકીય સેવા વિભાગ, (નાણાં મંત્રાલય), ઉચ્ચ શિક્ષણ વિભાગ (શિક્ષણ મંત્રાલય) અને ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (IBA)ના માર્ગદર્શન હેઠળ વિકસાવવામાં આવેલ છે.
- કેટલાક રાજ્યોમાં ઓછા વ્યાજ દરો સાથે વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ ઉપલબ્ધ છે, ઉદાહરણ તરીકે, પશ્ચિમ બંગાળ, ઓડિશા, બિહાર, વગેરે.
- તમામ બેંકો શૈક્ષણિક લોન આપે છે.

## પ્રવેશ માટે...

૧. વાણિજ્ય અથવા વિજ્ઞાન પ્રવાહ (ભૌતિકશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર અને જીવવિજ્ઞાન)માં ધો. ૧૨ પૂર્ણ કરો.

૨. કોઈ પણ વિષયમાં સ્નાતકની ડિગ્રી મેળવો. **અથવા**

સ્નાતકની ડિગ્રી પ્રાપ્ત કર્યા બાદ સમાન અથવા સંબંધિત વિષમાં અનુસ્નાતકની ડિગ્રી મેળવો.

૩. સ્ટાફ સિલેક્શન કમિશન-કમ્બાઈન્ડ ગ્રેજ્યુએટ લેવલ (SSC - CGL) પરીક્ષામાં લાયકાત પ્રાપ્ત કરો

કૃપા કરીને નોંધણી દરમિયાન અભ્યાસક્રમનો સમયગાળો તપાસો.

## અપેક્ષિત આવક

* અહી આપેલ આંકડા એન.સી.એસ.માંથી લેવામાં આવ્યા છે અને તે ફક્ત સૂચક છે અને ફેરફારને પાત્ર છે.

આવકવેરા નિરીક્ષકનું માસિક વેતન **રૂ. ૪૪,૯૦૦** થી **૧,૪૨,૪૦૦*** જેટલું હોય છે.

સ્રોત:https://ssc.nic.in/SSCFileServer/PortalManagement/UploadedFiles/notice_CGLE_29122020.pdf

## તમે ક્યાં કામ કરશો?

**કાર્યસ્થળ :** સીબીડીટી (સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેક્ટ ટેક્સીસ) ની કચેરીઓ

**કાર્યસ્થળનું વાતાવરણ :** તમે ઓફિસમાં કામ કરશો. તમારે ટીમનું સંચાલન કરવાનું રહેતું નથી. સ્થાસ્થાનિક મુસાફરી એ તમારી કામગીરીનો એક ભાગ છે કારણ કે, પૂછપરછ કરવા માટે તમારે મુસાફરી કરવી પડી શકે છે. તમે અઠવાડિયામાં ૫ થી ૬ દિવસ અને દરરોજ ૮ થી ૯ કલાક કામ કરો તેવી શક્યતા છે.

આ ક્ષેત્રમાં દિવ્યાંગ લોકો માટે કામ કરવાની તકો ઉપલબ્ધ છે.

## અપેક્ષિત પ્રગતિ પથ

આવકવેરા નિરીક્ષક → આવકવેરા અધિકારી → આસિસ્ટન્ટ કમિશનર → ડેપ્યુટી કમિશનર → એડિશનલ/જોઈન્ટ કમિશનર → કમિશનર → પ્રિન્સિપલ કમિશનર → ચીફ કમિશનર → પ્રિન્સિપલ ચીફ કમિશનર આઈ.ટી.

## તમે અભ્યાસ ક્યાં કરશો?

**ભારતમાં આવેલી માન્યતા પ્રાપ્ત કોઈપણ કોલેજ**

**ઓનલાઈન અભ્યાસક્રમો**

- www.ncs.gov.in
- https://anubandham.gujarat.gov.in
- mybharat.gov.in
- www.skillindiadigital.gov.in

મને સ્કેન કરો

વેબસાઈટ પર જુઓ

## સાફલ્ય ગાથા

**મંજુ બાલા,** ભારતીય ટ્રેક અને ફિલ્ડ એથ્લેટ છે જે હેમર થ્રોની સ્પર્ધાઓમાં ભાગ લે છે. તેણીએ વર્ષ ૨૦૨૨ રાષ્ટ્રીય આંતર-રાજ્ય સિનિયર એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ, ચેન્નાઈમાં પ્રથમ સ્થાન મેળવ્યું. રાજસ્થાનના ચુરુના મંજુ બાલા જ્યારે હેમર થ્રોની રમતમાં વ્યસ્ત નથી હોતા ત્યારે તેણી આવકવેરા નિરીક્ષકની જવાબદારી નિભાવે છે. તેણીએ મહારાણા પ્રતાપ પુરસ્કાર (૨૦૧૨-૧૩) પ્રાપ્ત કરેલ છે.*

સ્રોત: http://bit.ly/3JoplRJ

*ઉપરોક્ત માહિતી ફક્ત તાલીમ હેતુઓ માટે છે અને તેનો ઉપયોગ કોઈપણ વ્યાવસાયિક લાભ માટે કરવામાં આવશે નહીં.

**સર્ચ માટેના કીવર્ડ્સ ...**

ઈક્મટેક્ષ રીક્રુટમેન્ટ, એસ.એસ.સી.-સી.જી.એલ. એક્ઝામ, ઈક્મટેક્ષ ડિપાર્ટમેન્ટ જોબ્સ